ગાંધીનગર સમાચાર

રક્ષાશક્તિ યુનિવર્સિટીનો શિલાન્યાસ

# ટેકનોલોજીનો સૌથી વધુ ઉપયોગ દાંડી કુટીરના મ્યુઝિયમમાં થયો છે : વસીમ ખાન

## આઈ એન આઈ એફ ડીમાં વર્કશોપના પ્રારંભે વિદ્યાર્થીઓ સાથે ગોષ્ઠી કરી : ડિઝાઈનમાં દરેસ સમસ્યાઓનો ઉકેલ : નકામા કપડામાંથી ડ્રેસ તૈયાર કરવાનો ટ્રેન્ડ : કરિશ્મા સહાની



ગાંધીનગર તા ૨૨

મહાત્મા મંદિરના દાંડી કુટીરના મ્યુઝિયમના નિર્માણ માટે સૌથી વધુ ટેકનોલોજીનો ઉપયોગ થયો છે. આ મ્યુઝિયમ આજના ટ્રેન્ડ પ્રમાણેનુ છે. સામાન્ય રીતે દેશમાં ઓબજેકટ ઓરીએન્ટેડ મ્યુઝિયમ જ હોય છે. જયારે દાંડી કુટીરનુ મ્યુઝિયમ કહાની પર આધારિત છે. આ પ્રકારની ઢબે સમગ્ર દેશમાં માત્ર બે મ્યુઝિયમ જ બન્યા છે. આ મ્યુઝિયમમાં ગાંધીજીને કામન મેન દેખાડવાનો પ્રયાસ થયો છે. ઈન્ફોસીટી ખાતે આઈ એન આઈ એફ ડી ના ત્રિદિવસીય વર્કશોપના પ્રારંભે આવેલા જાણીતા ઈન્ટિરિયર ડિઝાઈનર વસીમ ખાને મહાત્મા મંદિરના મ્યુઝિયમ વિશે પણ રસપ્રદ વાતો કરી હતી.તેમણે જણાંવ્યુ હતુ કે મહાત્મા મંદિરનુ મ્યુઝિયમ સ્ટોરી બેઈઝ છે. પ્રદર્શન નિહાળનાર મહાત્માની સમગ્ર જીવન ચરિત્રને બયાન કરતી કહાનીમાં ખુપી જાય તે મુજબનો પ્રયાસ કરવામાં આવ્યો છે. આ પ્રકારની ડિઝાઈન મુજબ પંજાબમાં ખાલસા હેરીટેઈઝ તેમજ પુનામાં સાધુ આસમાનીનુ મ્યુઝિયમ તૈયાર કરાયુ છે. ડીઝાઈનર તરીકે ભારતીય હોવાનો ગૌરવ થાય તેવુ કાંઈક કરતા રહેવાનો સતત પ્રયાસ કરીએ છીએ ડીઝાઈનના ફંડા માત્ર પૈસાદાર માટે જ હોતા નથી. કોમન મેન માટે પણ કાંઈક આ દિશામાં નવુ થવુ જોઈએ.સંસ્થાના ડાયરેકટર વિશાલ મકવાણાની ઉપસ્થિતિમાં ફેશન ડિઝાઈનીંગના વિદ્યાર્થીઓને અનુલક્ષીને તેમણે જણાંવ્યુ હતુ કે વર્કશોપના પ્રારંભે તેમણે અભ્યાસમાં ન શીખવા મળે તેવી વાતો પણ વિદ્યાર્થીઓ સાથે કોમ્યુનિકેટ કરી હતી. ફેશન ડિઝાઈન અંગે તેમણે જણાંવ્યુ હતુ કે ડિઝાઈનના માધ્યમથી કોઈપણ સમસ્યાનો ઉકેલ મળે છે. જયારે ડિઝાઈનના ક્ષેત્રમાં કોઈની મોનોપોલી નથી. આ તબક્કે ફેશન ડિઝાઈનર કરિશ્મા સહાનીએ પણ જણાંવ્યુ હતુ કે અત્યાર સુધી ફેશન ડિઝાઈન ક્ષેત્રે આપણે પશ્ચિમી કલ્ચરને ફોલો કરતા હતા જયારે આજના યંગ ડિઝાઈનર્સ અહીંના ટ્રેડીશ્નલ તરફ વધુ ધ્યાન કેન્દ્રીત કરી રહયા છે. નકામા કપડામાંથી કાંઈક ક્રીએટીવ ડિઝાઈન નિખારવાનો ટ્રેન્ડ મજબુત બન્યો છે.

# બૉર્ડ-નિગમનાં આવાસો માટે મુદત પૂર્ણ થતાં નોટીસ

## ગત વર્ષે બોર્ડ નિગમને ફળાવાયેલા મકાનો મામલે જુલાઈ સુધી મુદત વધારવામાં આવી હતી

ગાંધીનગર તા ૨૨

શહેરમાં બોર્ડ નિગમ તેમજ સંસ્થાઓને ફાળવવામાં આવેલા મકાનોની લંબાવેલી મુદત્ત પણ પુર્ણ થતા તંત્ર દ્વારા આ કબજેદારોને આવાસ ખાલી કરી દેવા માટે નોટીસ આપવામાં આવી છે. હાલ શહેરમાં નિકાલ હેઠળના મકાનો તોડી નાંખવામાં આવ્યા બાદ ભયજનક આવાસોની સંખ્યા હજુ પણ વિશેષ છે. ત્યારે રહેણાંક મકાનોની ઘટનો પ્રશ્ન મુખ્ય બન્યો છે.

શહેરના સેકટરોમાં સ્થિત જુદી જુદી કેટેગરીના સરકારી મકાનોમાં ગેરકાયદેસર કબજેદારોને દુર કરવા માટે તંત્ર દ્વારા અગાઉ સર્વે હાથ ધરવામાં આવ્યો હતો. જયારે નિકાલ હેઠળના મકાનો તોડી નાંખવામાં આવ્યા બાદ સેકટરોમાં હાલ પણ ભયજનક મકાનોની સંખ્યા વિશેષ હોવાનો સુર ઉઠવા પામ્યો છે. ત્યારે સેકટરોમાં સર્વે દરમિયાન અન્ય બ્લોક પણ ભયજનક હોવાનુ ધ્યાને આવી રહયુ છે. આવા સંજોગોમાં તંત્ર પાસે મકાનોની ઘટ પ્રવર્તી રહી છે. બીજીતરફ મકાનો માટે પ્રતિક્ષા યાદી પણ મોટી બનતી જાય છે. સેકટરોમાં નવા આવાસો બાંધવાનુ કામ પ્રગતિ હેઠળ છે. જો કે નવા આવાસો તૈયાર થતા હજુ પણ એક વર્ષ જેટલો સમય લાગે તેમ છે. માર્ગ મકાન વિભાગ દ્વારા અગાઉ બોર્ડ નિગમ તેમજ સંસ્થાઓને ફાળવવામાં આવેલા મકાનોના કબજેદારોને મકાન ખાલી કરાવી દેવા નોટીસ આપવામાં આવી હતી. જયારે અનેક રજુઆતોના અંતે આ કબજેદારોને મુદત લંબાવી આપવામાં આવી હતી. ગત જુલાઈના અંતમાં મુદતનો આ સમય પણ પુર્ણ થતા તંત્ર દ્વારા બોર્ડ નિગમને ફાળવવામાં આવેલા આવાસો સંદર્ભે નોટીસ આપવાનુ શરૂ કરી દેવામાં આવ્યુ છે. ટુંકમાં આ કબજેદારો માટે આવાસનુ મુદત લંબાવી દેવા માટે વિભાગ કક્ષાએ કોઈ નિર્ણય લેવાયો નથી. પરંતુ નોટીસ આપવાની પ્રકીયા હાથ ધરવામાં આવી છે.



ગુરુવારની રાત ગાંધીનગરમાં જાગતી રહી હતી. કારણ કે જયા પાર્વતીના વ્રત પછીનું જાગરણ આ રાત્રિએ હતું. શહેરનાં જાહેર ઉદ્યાનો ઉપરાંત બે મેળા અને બધા જ થિયેટર્સ પણ રાતભર જાગ્યા હતા અને એવા જ જાગતા રહ્યા હતા નગરના જાહેર રસ્તાઓ. રજાની સાંજે ધમધમતું હોય એમ શહેર રાતભર ધમધમ્યું હતું.

# ગીર સોમનાથ ખાતે વિશેષ ડેઝીગ્નેટેડ કોર્ટ સ્થપાશે

ગાંધીનગર, તા. ૨૨

મુખ્યમંત્રી આનંદીબહેન પટેલે ઉનામાં થયેલ બનાવ સંદર્ભે બનાવની સંપુર્ણ ટ્રાયલ માટે વિશેષ ડેઝીગ્નેટેડ કોર્ટ શરૂ કરવામાં આવશે તેવી જાહેરાત કરી હતી. મુખ્યમંત્રીએ ત્વરિત પગલાં લઈ ખુબ જ ટુંકાગાળામાં વડી અદાલતના પરામર્શમાં રહી ગીર-સોમનાથ જિલ્લામાં વેરાવળ ખાતે ડેઝીગ્નેટેડ કોર્ટ સ્થાપવા માટે કાયદા વિભાગ દ્વારા અધિસૂચના બહાર પાડવામાં આવી છે. આ નિર્ણયને કારણે ન્યાયિક પ્રક્રિયા ઝડપી બનશે. રાજ્ય સરકારે ગુજરાત હાઈકોર્ટના પરામર્શથી ગીર સોમનાથ જિલ્લાના વેરાવળ ખાતે આવેલી સેશન જજની અદાલતને આ કાયદા હેઠળ ગુનાઓને ચલાવવા માટે વિશેષ અદાલત તરીકે તાત્કાલિક અસરથી જાહેર કરી છે.

# વરસાદ ખેંચાતાં વાવણી પર વિપરીત અસરો દેખાઈ રહી છે

## આ સપ્તાહમાં માત્ર ૪૦૦ થી ૫૦૦ હેક્ટર વિસ્તારમાં જ વાવેતર થયું છે : આકાશી ખેતી માટે હજુ વરસાદી પાણીની જરૂરિયાત

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર જિલ્લામાં વરસાદ ખેંચાતા પુનઃ વધુ એકવાર ખેતીના કામમાં રૂકાવટ આવી છે અને આ સપ્તાહમાં માત્ર ૪૦૦ થી ૫૦૦ હેક્ટર વિસ્તારમાં જ વાવેતર થવા પામ્યુ છે.

૧૫ દિવસના વિલંબ બાદ ચોમાસાના વરસાદને પગલે ખેડૂતોમાં સારા ચોમાસાની આશાનો સંચાર થયો હતો અને ખેતીના કામમાં વેગ આવ્યો હતો. પરંતુ છેલ્લા એક સપ્તાહથી જે રીતે વરસાદ ખેંચાઈ ગયો છે તેને લઈ ખેડૂતોએ વાવણીની કામગીરી તદન ઠપ્પ કરી દીધી છે તો ક્યાંક ધીમી ગતિએ તે આગળ વધી રહેલ છે. જિલ્લામાં આમ તો ચારેય તાલુકામાં પાંચ ઈંચ કરતાં વધુ વરસાદ થઈ ચુક્યો છે પણ આકાશી ખેતી માટે હજુ વરસાદી પાણીની જરૂરિયાત છે. હાલ જિલ્લામાં ગરમી પણ લગભગ ઉનાળા જેવી પડતી હોય તેવો અહેસાસ ખેડૂતો કરી રહ્યા છે.

ગરમીમાં આ વખતે જે રીતે ખેતરો તરસ્યા છે અને તેની સામે જે વરસાદ થયો છે તે ઓછો છે તેમજ ધરતી હજુ જોઈએ તેટલી સંતૃપ્ત થઈ નહી હોવાનું ખેડૂતોનું કહેવું છે.

ગરમીને કારણે જમીનમાં જે ભેજ પડકાવો જોઈએ તે મળ્યો નથી એટલે મોંઘા બિયારણોને લઈ ખેડૂત પુનઃ એકવાર ચિંતાતુર બન્યો છે.

જિલ્લાતંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે જિલ્લામાં ૬૦ હજાર હેક્ટર વિસ્તારમાં વાવેતર આજ સુધી થઈ ચુક્યુ છે. જો કે ખેડૂતો વરસાદની રાહ જોઈ બેઠા છે.

જિલ્લામાં આ વખતે કઠોળની ખેતીમાં પણ ખેડૂતોનો લગાવ જોવા મળ્યો છે અને સારી એવી ખેતી કઠોળની થાય તેવી શક્યતાઓ છે. વરસાદ જો એકાદ સપ્તાહમાં ન થાય તો ખેતીને નુકશાન થઈ શકે તેમ ખેડૂતોનું કહેવું છે.





ઉનામાં દલિત ઉપર અત્યાચારના વિરોધમાં વિરોધ પ્રદર્શનો અને દેખાવોનો દોર જારી રહ્યો છે. મોટેરા રોડ આંબેડકર ચોક નજીક ધરણા યોજવામાં આવ્યા હતા.

# ધમાસણા સીડ્સ ફાર્મની મુલાકાત લેતા જિલ્લા પંચાયત પ્રમુખ ઠાકોર

ગાંધીનગર, તા. ૨૨

ધમાસણા ખાતે આવેલ સીડફાર્મની આજે જિલ્લા પંચાયતના પ્રમુખે મુલાકાત લીધી હતી. આ મુલાકાત દરમ્યાન સીડ્ફાર્મને ગાંધીનગર જિલ્લા પંચાયત હસ્તક મુક્યાને સમય થઈ ગયો હોવા છતાં ૭/૧૨માં બીજુ નામ હોવાથી તે અંગેની જરૂરી વહીવટીય કામગીરી ઝડપી કરવા તંત્રને સૂચના આપી માર્ગદર્શન આપ્યું હતું. ૧૫ હેક્ટરથી પણ વધુ વિસ્તાર ધરાવતા આ સીડફાર્મમાં આયુર્વેદ વનસ્પતિના વાવેતર માટે જે જગ્યા ફાળવવામાં આવી હતી ત્યાં તેની મરામત આયુર્વેદ તંત્ર અને ખેતીવાડી તંત્ર દ્વારા સંકલનના અભાવે ન થતી હોવાને લઈ તેમણે નારાજગી વ્યક્ત કરી હતી. તેમણે આજની મુલાકાત દરમ્યાન સીડફાર્મના અન્ય પ્રશ્નો અંગે પણ જાણકારી મેળવી હતી એટલુ જ નહિ આ વખતે વાવણી કરવામાં આવનાર દિવેલા અને ગુવારના પાક વિશે કેટલીક પરંપરાગત વાવણીની વાતો કરી હતી.

પ્રમુખ રામાજી ઠાકોરે જિલ્લાના અન્ય સિડફાર્મની પણ મુલાકાત લેશે તેવા સંકેત આજે મુલાકાતને અંતે આપ્યા હતા. તેમણે ધમાસણા સિડફાર્મ પાછળ નિભાવણી, જાળવણી ખર્ચ સહિતની વિગતો અંગે વિગતવાર પૃચ્છા અધિકારીઓને કરી હતી.

# રક્ષાશક્તિ યુનિવર્સિટીનો શિલાન્યાસ

## મુખ્યમંત્રીએ ગાંધીનગર જિલ્લાના લવાડ ગામે ૨૩૦ એકરમાં આકાર પામનારી યુનિ. ભવનનો શિલાન્યાસ કર્યો

ગાંધીનગર, તા. ૨૨

મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલે દેશ અને દુનિયામાં ટેકનોલોજીના ઉપયોગથી થઈ રહેલા આધુનિક ગુનાઓ-સાયબર ક્રાઈમના પડકારો ઉકેલવા કુશળ માનવબળ ગુજરાતની રક્ષાશક્તિ યુનિવર્સિટીના અભ્યાસક્રમો પુરા પાડશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો છે.

મુખ્યમંત્રીએ ગાંધીનગર જિલ્લાના લવાડ ગામે ૨૩૦ એકરમાં આકાર પામનારી રક્ષાશક્તિના ભવનનો શિલાન્યાસ કર્યો હતો. તેમણે કહ્યું કે ૨૦૧૦માં સ્થપાયેલી આ યુનિવર્સિટીએ ૬ વર્ષના ટૂંકાગાળામાં સરાહનીય પ્રગતિ કરીને આંતરિક સુરક્ષા ક્ષેત્રે સુસજ્જ માનવ સંશાધન નિર્માણનો નવો અભિગમ સર્જ્યો છે.

રક્ષાશક્તિ યુનિવર્સિટીનું આ ભવન ૧૮ માસમાં પુરૂ થશે અને પુર્ણતઃ ગ્રીન બિલ્ડીંગ કોન્સેપ્ટથી સજ્જ હશે તેમ તેમણે જણાવ્યું હતું.

ડિપ્લોમાં ઈન પોલીસ સાયન્સ, બી.એ.-સિક્યોરીટી મેનેજમેન્ટ, ઈન્ડસ્ટ્રીયલ સિક્યોરીટી, સાયબર સિક્યોરીટી જેવા પોસ્ટ ગ્રેજ્યુએટ અને પીએચડી જેવા અભ્યાસક્રમો દ્વારા યુવાનોને શિક્ષણ દ્વારા સજ્જ કરવાનું કામ રક્ષાશક્તિ યુનિવર્સિટી કરી રહી છે તેની ભૂમિકા મુખ્યમંત્રીએ આપી હતી. દેશની આ સૌ પ્રથમ યુનિવર્સિટી ભવિષ્યમાં નવા કોર્ષ શરૂ કરી દેશની અગ્રેસર યુનિવર્સિટી બની રહે તેવી આશા પણ મુખ્યમંત્રીએ વ્યક્ત કરી હતી.

ભવિષ્યની જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને રાજ્ય સરકારે શરૂ કરેલી ચિલ્ડ્રન યુનિવર્સિટી, પેટ્રોલિયમ યુનિવર્સિટી, ફોરેન્સિક સાયન્સ જેવી યુનિવર્સિટીઓની સ્થાપનાનો લાભ રાજ્ય અને દેશના વિદ્યાર્થીઓને મળી રહ્યો છે તેમ તેમણે જણાવ્યું હતું.

ગૃહ વિભાગના અધિક મુખ્ય સચિવ પી.કે. તનેજા અને પોલીસ



મહાનિર્દેષક પી.પી. પાંડેએ પ્રાસંગિક પ્રવચનમાં જણાવ્યું હતું કે, રક્ષાના વિષયમાં જ્ઞાન પ્રાપ્ત કરવા આ યુનિવર્સિટી પોતાનું શ્રેષ્ઠ યોગદાન આપશે. રક્ષાશક્તિ યુનિવર્સિટી માટે રાજ્ય સરકારે વિશાળ જગ્યા ફાળવી છે, ત્યારે જળ સંરક્ષણ-પર્યાવરણીય સંરક્ષણની સમસ્યાઓનું ધ્યાન રાખીને આંતરિક સુરક્ષા જેવી ખૂબ જ મહત્વની જવાબદારી અદા કરવામાં યુનિવર્સિટી મહત્વનું યોગદાન આપશે. તેમજ રાજ્ય સરકારના પોલીસ ડિપાર્ટમેન્ટ, કાયદો, ક્રિમીનલ લોઝ, ફોરેન્સીક સાયન્સ અનો ઈન્ફર્મેશન ટેકનોલોજી એન્ડ ટેલીકોમ્યુનિકેશન જેવા ક્ષેત્રોમાં પોલીસી અંગેના મહત્વના નિર્ણયોમાં મદદરૂપ થવાનું કાર્ય કરશે. આર.એસ.યુ.ના ડાયરેક્ટર જનરલ વિકાસ સહાયે સ્વાગત પ્રવચનમાં યુનિવર્સિટીની પ્રગતિ અંગે વિસ્તૃત માહિતી આપી હતી. યુનિવર્સિટીના કુલ સચિવ એસ.ઓ. જુનારે આભારવિધિ કરી હતી.

આ પ્રસંગે રક્ષાશકિત યુનિવર્સિટીના આર્કીટેક અને પદ્મશ્રી એવોર્ડ વિજેતા બાલકૃષ્ણ દોશી, જિલ્લા કલેક્ટર સતિશ પટેલ, પોલીસ વિભાગના વરિષ્ઠ અધિકારીઓ યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

હાર્દિક અભિનંદન
દેશભરમાં ગ્રાહક સુરક્ષાના ક્ષેત્રે સૌથી વધુ સક્રિય કાર્યરત રહેનાર અને છેતરાયેલા લાખો ગ્રાહકોને ન્યાય અપાવનારા **શ્રી મુકેશ પરીખ**ના **૬૨માં જન્મદિન નિમિત્તે હાર્દિક અભિનંદન અને શુભેચ્છાઓ.**
શ્રી મુકેશ પરીખ ગ્રાહક સુરક્ષાનો પર્યાય છે અને આજે યુનિવર્સિટી-સંસ્થા સમાન બની સેવાઓ આપે છે. શ્રીજી બાવા સમાજની સેવા કરવનું બળ તેઓને આપે તે જ જન્મદિન નિમિત્તે અભ્યર્થના-પ્રાથના.
મુકેશ પરીખ
ગ્રાહક સુરક્ષા અને પગલા સમિતિ, ૧૩૨,૩૧૮, સ્પેક્ટ્રમ કોમ. સેન્ટર, રિલીફ સિનેમા પાસે, રિલીફ રોડ, અમદાવાદ.
અતુલભાઈ સોની દિનેશ બી. શાહ (એડવોકેટ)
પરેશ મહેતા (એડવોકેટ) ગ્રાહક સુરક્ષા અને પગલા સમિતી પરિવાર

ઈંટનો શ્રેષ્ઠ, સસ્તો અને મજબૂત વિકલ્પ
ફ્લેટ, બંગલો, બાઉન્ડ્રી વોલ, ઈન્ડસ્ટ્રીયલ વોલ, સ્કૂલ, હોસ્પિટલ માટે
- ઈંટો કરતા વધારે મજબૂત અને ત્રીજા ભાગનું વજન
- ઝડપી કામ તેમજ સીમેન્ટ, રેતી, પાણી અને મજુરીમાં મોટી બચત
- ઓછી કિંમત
- દિવાલો ખૂબ જ ઓછી તપે જેથી અંદરનું વાતાવરણ ઠંડુ રહે
- ઉધઈ અને કીટક પ્રતિરોધક
- ઈલેક્ટ્રીક અને પ્લમ્બીંગ કામ માટે એકદમ સરળ
- મશીન કટ દ્વારા પરફેક્ટ સાઈઝ, એકધારી ગુણવત્તા
- ઘોંઘાટ સામે રક્ષણ (High Sound Insulation)
- દિવાલોમાંથી નિકળતા ક્ષારથી મુક્તિ

ડીલર ઈન્કવાયરી આવકાર્ય
ECO GREEN
Autoclaved Aerated Concrete Blocks
ગાંધીનગર-ચિલોડા હાઈવે, આર્મી કેમ્પ સામે, તા. જી. ગાંધીનગર | ફોન : ૭૩૫૯૪૮૮૮૨૦
sales@ecogreenproducts.in | www.ecogreenproducts.in

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
VINAYAK 500 TMT BARS - ISI
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com